# ઉદિશા ક્લબ ( પ્લેસમેન્ટ સેલ )



ડૉ. મહેશકુમાર આર. સોલંકી
નોડલ ઓફિસર

ઉદિશા એટલે નોકરી શોધનાર અને નોકરી વચ્ચેનો સેતુ. ઉદિશાનો મુખ્ય હેતુ નોકરી લેનાર અને નોકરી આપનાર વચ્ચે પુલ બનીને બેકારીની ગેપ પૂરી કરવાનો છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ઉદિશા ક્લબની રચના કોલેજમાં કરવામાં આવી છે. ઉદિશા ક્લબના નેજા હેઠળ સહઅભ્યાસ પ્રવૃતિઓ પણ થાય છે. જે વિદ્યાર્થીઓની કારકિર્દી પૂરી કરે તેને પોતાની લાયકાતને અનુરૂપ વ્યવસાય અપાવવામાં પણ મદદરૂપ થાય છે.

- વર્ષ ૨૦૧૦થી પ્રાથમિક શાળાઓ તથા માધ્યમિક શાળાઓમાં સરકાર દ્વારા શિક્ષકની સીધી ભરતી અમલમાં આવી. તે ભરતી સરકાર દ્વારા શિક્ષક અભિયોગ્યતા કસોટી લઈને નિયમ પ્રમાણે મેરીટ બનાવીને કરવામાં આવે છે.
- તાલીમાર્થીઓને આ શિક્ષક અભિયોગ્યતા કસોટી (TET & TAT) પરીક્ષા અંગેનું ફોર્મ ભરવાથી લઈને મેરીટ કેવી રીતે બનાવવું, જિલ્લાવાર ભરતી, ગુણાંકન, કોમ્પ્યુટર પર ઓનલાઇન કેવી રીતે અરજી કરી શકાય તથા તેઓને વિષયવાર માહિતી ડૉ. મહેશકુમાર આર. સોલંકીએ આપી હતી.
- આ વર્ષે સેમ-૪ તાલીમાર્થી બહેનો દ્વારા પોતપોતાના વિષયો પ્રમાણે સામાન્ય જ્ઞાન, મનોવિજ્ઞાનના પ્રશ્નો, ભારતનું બંધારણ વગેરે જેવા વિવિધ વિષયો પર ૨૦ પ્રશ્નો (પ્રત્યેક વિધાર્થી) પ્રાર્થનામાં પીપીટી દ્વારા રજૂ કરે છે. જેનો બધા તાલીમાર્થીઓ તથા સ્ટાફને જ્ઞાનનો લાભ મળે છે.
- સંસ્થાન દરેક અધ્યાપક પણ દર ગુરૂવારે પ્રાર્થના-પ્રવચન કાર્યક્રમમાં પોતાના વિષયોને અનુરૂપ TET/TAT ના પ્રશ્નો અંગે તથા તેમની આ અંગેની મૂંઝવણ માટે માર્ગદર્શન આપે છે.
- ઉદિશા ક્લબની કાર્યપ્રવિધિની પ્રત્યેક અધ્યાપક વાકેફ થાય તે હેતુથી દર વર્ષે સરકાર દ્વારા યોજાતા તાલીમ કાર્યક્રમોમાં આવે છે.
- બી.એડ. ના અભ્યાસક્રમના ભાગરૂપે તાલીમાર્થીઓના કૌશલ્યનો વિકાસ થાય તે માટે વિવિધ વર્કશોપનું પણ આયોજન કરવામાં આવે છે.
- અવારનવાર સરકાર દ્વારા યોજાતા ભરતી મેળા તથા ડીઇઓ આણંદ તથા યુનિવર્સિટી રોજગાર કેન્દ્ર, વિદ્યાનગર દ્વારા થતા કાર્યક્રમો અંગે તાલીમાર્થીઓને વાકેફ કરાય છે તથા લાયકાત ઉમેદવારોને તે મેળાવડામાં મોકલવામાં પણ આવે છે.
- તાલીમાર્થીઓ વિવિધ વ્યવસાયોથી પરિચિત થાય તે હેતુથી કોલેજમાં, જે તે ફિલ્ડના તજજ્ઞ વક્તવ્ય પણ ગોઠવવામાં આવે છે.
- આ ક્લબના નેજા હેઠળ તાલીમાર્થીઓને વ્યવસાયિક ક્ષમતાઓ બહાર લાવવા તથા તેમની યોગ્યતાને વધારવાના પ્રયત્નો સંસ્થાના અધ્યાપક મિત્રો દ્વારા કરવામાં આવે છે.
- સંસ્થા દ્વારા વિવિધ પ્લેસમેન્ટ માટે તેમની પ્રોફાઇલ કેવી રીતે બનાવી શકાય તેનું પણ માર્ગદર્શન આપે છે. તથા સમાજની માંગ પ્રમાણે પ્લેસમેન્ટની પણ વ્યવસ્થા કરે છે.
- આ વર્ષે KCG આયોજીત મેગા જોબ ફેર- ૨૦૧૯ વિદ્યાનગર ખાતે તા. ૧૪-૧૫ ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ યોજાયો હતો જેમાં ૨૬ તાલીમાર્થીઓએ ઇન્ટરવ્યુ આપ્યા હતા. તેમાંથી ૩ બહેનો પસંદગી પામ્યા હતા.
- આ ક્લબ વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓ માટે વધુને વધુ કાર્યરત રહે તે માટે સંસ્થાના આચાર્યશ્રી, અધ્યાપક મિત્રો તથા વહીવટી કર્મચારીઓ ઉત્સાહભેર કાર્ય કરે છે.

- આ વર્ષે ઉદિશા ક્લબના નેજા હેઠળ તા. ૦૭.૦૧.૨૦૨૦ ના રોજ ધ્યેય એકેડેમી, આણંદના ડાયરેક્ટર શ્રી ચિરાગ પટેલ દ્વારા વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ તથા સામાન્ય જ્ઞાન વિશે શૈક્ષણિક વક્તવ્ય યોજાયુ હતું.
- શ્રી સૌમિલ મેકવાન, Business development executive, Aero Star Jet Training Academy, Vadodara કેરીયર ગાઈડન્સ સેમિનાર તા. ૧૧.૦૩.૨૦૨૦ ના રોજ કર્યો હતો.
- આ ક્લબના કમિટીના સભ્યો નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| (૧) | ચેરમન, ઈન.આચાર્ય તથા સપ્તધારા નોડલ ઓફિસર | ડૉ.ડી.આર.પરમાર |
| (૨) | નોડલ ઓફિસર | ડૉ. મહેશકુમાર આર. સોલંકી |
| (૩) | IQAC કો-ઓર્ડિનેટર | ડૉ. પી.કે.યાજ્ઞિક |
| (૪) | KCG નોડલ ઓફિસર | ડૉ. ડી.એમ.પટેલ |

- તાલીમાર્થીઓ :

| | | | |
|---|---|---|---|
| (૧) | કન્વીનર | નિલ્શા શાહ | (સેમ-૪) |
| | | દર્શિતા પરમાર | (સેમ-૨) |
| (૨) | સભ્યો | સ્વપ્ના પંડિત | (સેમ-૪) |
| | | જૈના ગાંધી | (સેમ-૨) |

---

## દિકરી

માતાની મિત્ર છે. દિકરી  
પિતાનો પ્રેમછે. દિકરી  
દાદાની લાડકી છે. દિકરી  
દાદીની લાડકી છે. દિકરી  
સંબંધની સરીતા છે. દિકરી  
પ્રેમનો પ્રવાહ છે. દિકરી  
કુંટુંબનો કિલકાર છે. દિકરી  
વાત્સલ્યનો રણકાર છે. દિકરી  
મર્યાદાની મુરત છે. દિકરી  
સંસ્કારોની સુરત છે. દિકરી  
બલિદાનની પરાકાષ્ઠા છે. દિકરી  
પુણ્યનો પ્રભાવ છે. દિકરી  
કલીયુગમાં સતયુગ છે. દિકરી  
પરિવારનો પરિચય છે. દિકરી  
પવિત્રતાની પ્રતિભા છે. દિકરી  
આવતી પેઢીની માં છે. દિકરી



શાહ નિલશા જીતેશભાઈ  
સામાન્ય મંત્રી (Sem-4)

**શુભેચ્છા સહ...**

**રિકિતા બારોટ**  
**(ભૂતપૂર્વ તાલીમાર્થી)**  
**શિક્ષિકા**

**નગર પ્રાથમિક કન્યા શાળા, નં-૨૦, આણંદ**